## <u>આંક–૧ ની ફરીયાદ લગત હુકમ સીસી (ટ્રાફીક ઇ ચલણ)</u>

(૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કામનો કે હાલના આરોપી સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એકટની જોગવાઇના ભંગ બદલ દાખલ કરેલ છે, આરોપી સામે કેસ દાખલ થતાં સ્વૈચ્છાએ કોર્ટમા હાજર થયેલ છે, આરોપીની પ્લી રેકર્ડ કરતા બિન શરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાવેલ છે, તથા જણાવે છે કે, ભવિષ્યમા આવો ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યક્તિ છે અને પોતાની રોજગારી માટે વાહન લઇ જવુ ચાલાવવુ જરૂરી હતુ, તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઇનો ભંગ થયેલ છે, પોતાને અગાઉ કોઇ ગુનામા સજા થયેલ નથી કે આવો કોઇ ગુનો કરેલ નથી, પોતાની ઉપર કુંટુંબની જવાબદારી છે, ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે, તથા ભયની લાગણી અનુભવે છે, પોતાને ભુલ સમજાઇ ગઇ છે, ભવિષ્યમા આવી ભુલ નહી કરે અને ટ્રાફીકના કાયદાનુ પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમા જણાવેલ છે કે આ સંજોગોમા પોતાને માફ કરવામા આવે અને કોઇ સજા કે દંડ નહી કરતા સુધરવા તક આપવામા આવે છે.

આરોપીની રજુઆત સાંભળી, કેસ હકીકત ધ્યાને લીધી, આરોપીએ મોટર વ્હીકલ એકટની જે જોગવાઇનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી, તાજેતરમા કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટમા ઘણાબધા સુધારા કરી દંડની રકમમા વધારો કરેલ છે, અને તેની પાછળનુ કારણ લોકો ટ્રાફીકના નિયમો અને કાયદાની જોગવાઇને અનુસરે છે, આ ઉપરાંત ત્યારબાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતના લોકોની આર્થિક સ્થિતી તથા સામાજીક અને ભૌગોલીક પરીસ્થીતી તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમા રાખી જે ગુના માંડવાળ થવા પાત્ હતા તેવી માંડવાળની રકમ નક્કી કરેલ છે જે રકમો તથા મુળ કાયદાકીય દંડની રકમ વચ્ચેનો તફાવત જોઇએ તો પણ તે બાબત સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકારે લોકોની આર્થિક પરીસ્થિતી વિગેરે ધ્યાને લઇ લોકોમા કાયદાનો અભિગમ વધે અને માંડવાળની રકમ ચુકવીને જાગૃતતા આવે તે રીતે દંડાત્મક ઉપરાંત સુધારાત્મક અભીગમથી પરીણામ આવે તેવા પ્રયત્ન કર્યાનુ જણાય છે, આ સંજોગોમા તે હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. આરોપીએ ગુનો કબુલ કરતા દોષીત ઠરાવવામા આવે છે. આ માટે તેને કેટલી સજા કરવી તેના નિર્ણય મ ાટે આરોપીની રજુઆત, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ, ગુજરાત સરકારે માંડવાળ માટે કરેલ જોગવાઇ તેમજ આરોપીની પરીસ્થિતી ધ્યાને લેવી જોઇએ, આ હકીકત ધ્યાને લેતા આરોપી સામેના ગુનાનો આર્થિક વ્યવહારો બાબતે કે સામાજીક કે નૈતીક અધ:પતન અંગેનો નથી પરંતુ સમાજ વ્યવસ્થા અને લોકો તથા પોતાની સલામતી માટેના કાયદાની જોગવાઇનો અર્થ નહી રહે, સાથો સાથ આરોપીએ જે રજુઆત કરી છે તે જોતા તથા તેની સામના ગુનાની હકીકત ધ્યાને રાખી ગુજરાત સરકારશ્રીએ કરેલ માંડવાળની જોગવાઇ લક્ષમા લેતા આ કામે લઘુતમ દંડની જોગવાઇ નથી ત્યારે આરોપીને મહતમ નહી પરંતુ વ્યાજબી દંડ કરવામા આવે અને તે રીતે પોતાની ભુલનો અહેસાસ થાય અને ગુનાની સજા મળી રહે તેવા વ્યાજબી દંડ કરવામા આવે તો સુદરવાની તક મળી રહેશે. આ સંજોગોમા મહતમ જોગવાઇ કરતા ઓછો અને ન્યાયીક દંડ કરવો યોગ્ય જણાય છે જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## /// <u>હુકમ</u> ///

**આ કામના આરોપી નામે MEGHENDRA CHENSINGH MALVI ગાડી નં.જીજે.૦૧.કેડબલ્યુ.૧૭૩૬મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૩ મુજબના ગુના અંગે દોષીત ઠરાવવામા આવે છે તો તે ગુના અંગે આરોપીએ ઇ–ચલણ નં.જીજે ૪૧૬૦૭૨૮૨૪૦૧૦૧૦૮૩૧૩૯ રકમ રૂ.૨૦૦૦/– (અંકે રૂ.બે હજાર પુરા) નો દંડ કરવામા આવે છે. આરોપીએ દંડની રકમ ભરવામા કસુર કર્યેથી દિવસ–૧ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.**

સ્થળ – રાજકોટ
તારીખ – ૧૪/૯/૨૦૨૪

ઇનચાર્જ જ્યુડી. મેજી. ફ. ક.
રાજકોટ